|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં -૨૦૭૮ ● જેઠસુદ–૧૨ ● તા.૧૧–૦૬–૨૨ ● શનિવાર ● SDP No.: 778 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

શ્રેયસ હોસુર બન્યા આર્યનમેન

એક પ્રકારનો ઈતિહાસ રચતા, શ્રેયસ હોસુર, 3.8 કિમી સ્વિમ, 180 કિમી સાયકલિંગ અને 42.2 કિમી રનિંગનો સમાવેશ કરતી કપરી 'IRONMAN' ટ્રાયથલોન પૂર્ણ કરનાર ભારતીય રેલ્વેના પ્રથમ અધિકારી બન્યા છે. તેણે 5મી જૂન 2022ના રોજ હેમ્બર્ગ, જર્મનીમાં 13 કલાક 26 મિનિટમાં ઇવેન્ટ પૂર્ણ કરી.

ઇવેન્ટના ફિનિશર્સ રેસની માંગ માટે માનસિક અને શારીરિક શક્તિને અનુરૂપ 'આઇરોનમેન' તરીકે લોકપ્રિય છે!હેમ્બર્ગ સરોવરના ઠંડા પાણીમાં સવારે 6:30 વાગ્યે 3.8 k.m. સ્વિમ શરૂ કરીને, તે પછી દેશની બાજુમાં 180 k.m. લાંબી સાયકલ ચલાવી અને 42.2kmsની પૂર્ણ મેરેથોન સાથે સમાપ્ત થઈ.

આનાથી શ્રેયસ આ ઇવેન્ટને પૂર્ણ કરનાર નોન-યુનિફોર્મ્ડ સિવિલ સર્વિસીસનો પ્રથમ અધિકારી બને છે.

રેલવે માટે આ ખરેખર ગર્વની ક્ષણ છે.શ્રેયસ હાલમાં કન્સ્ટ્રક્શન/ સાઉથ વેસ્ટ રેલ્વેમાં Dy FA&CAO તરીકે સેવા આપી રહ્યો છે.તેઓ નિવૃત્ત આઇપીએસ છે.અને કુખ્યાત ચંદન ચોર વિરપ્પન ને પકડવા વાળી ટીમ નો હિસ્સો હતા.

કચ્છી પરિવારની દીકરી મુકેશ અંબાણી પરિવારની પુત્રવધૂ બનશે.

જાણો કોણ છે રાધિકા દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણી પરિવાર દ્વારા મુંબઈમાં રાધિકા મરચન્ટના એંગેજમેન્ટ ના ઈવેન્ટનું આયોજન કરાતાં લાઈમલાઈટમાં આવી ગઈ છે. કારણ કે, તે અંબાણી પરિવારની ભાવિ પુત્રવધૂ છે.

બહુ ઓછાંને ખબર છે કે રાધિકા મૂળ કચ્છી ભાટીયા પરિવારની દીકરી છે. જો કે, રાધિકાનો પરિવાર વર્ષો પૂર્વે મુંબઈ આવી સ્થાયી થયો હતો.રાધિકાનો જન્મ અને ઉછેર મુંબઈમાં થયેલો છે. ૨૦૧૭માં તેણે ન્યૂયૉર્ક યુનિવર્સિટીમાંથી પોલિટીકલ સાયન્સ સાથે ગ્રેજ્યુએશન કર્યું હતું. તે એક ઈન્ડિયન ક્લાસિકલ નૃત્યાંગના છે.

મુંબઈના ગુરુ ભાવના ઠાકરે આઠ વર્ષ સુધી રાધિકાને ભરતનાટ્યમ સહિતના નૃત્યોની તાલીમ આપેલી છે. રાધિકાના લગ્ન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી સાથે થશે તેવી ચર્ચાઓ છે.

એંગેજમેન્ટ બાદ અંબાણી પરિવારે રાધિકા સાથે દિલ ખોલીને ફોટો પડાવ્યાં હતા. રાધિકાના દાદા અજીતકુમાર ગોરધનદાસ વર્ષો અગાઉ કચ્છથી મુંબઈ આવી સ્થાયી થયાં હતા. રાધિકાના પિતા વીરેન મરચન્ટ એન્કોર હેલ્થકેર નામની ફાર્મા કંપનીના સીઈઓ છે.

ઓગસ્ટ માસમાં ઉમિયા માતાજી ટ્રસ્ટ અને લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનની મિટિંગો મળશે.

શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજની કારોબારી મિટિંગ, લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન ખાતે તા.૭-૮-૨૦૨૨ ના સવારે ૯.૦૦ કલાકે તેમજ સંસ્થાની સામાન્ય સભા સવારે ૧૦.૩૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી ગંગારામભાઈ રામાણીના અધ્યક્ષ સ્થાને યોજાશે. બપોર બાદ સંસ્થામાં આકાર લેનાર અતિથિ ભવનના નામકરણના તેમજ અન્નપૂર્ણા હોલ (ભોજનાલય)ના નામકરણના ચડાવા લેવામાં આવશે.

તેમજ બાકી રહેલા અતિથિગૃહોના રૂમોના દાતા નોંધવામાં આવશે.તા. ૮-૮-૨૦૨૨ના સવારે ૯.૦૦ કલાકે દાતાઓના હસ્તે અતિથિગૃહ ભવનની શિલાન્યાસ વિધિ કરવામાં આવશે અને ૧૦.૩૦ કલાકે સત્સંગ હોલમાં દાતાઓના સન્માન કાર્યક્રમ રાખવામાં આવશે. આ બે દિવસ દરમ્યાન ભોજન વ્યવસ્થા સંસ્થામાં રાખવામાં આવશે.તા. ૯-૮-૨૦૨૨ના ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટની કારોબારી મિટિંગ તેમજ સામાન્ય સભા, ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય ખાતે સંસ્થાના પ્રમુખશ્રી હંસરાજભાઈ ધોળુના અધ્યક્ષસ્થાને રાખવામાં આવશે.

હાર્દિક અભિનંદન

માહિબેન જગદીશભાઈ સેંઘાણી, ૧૨(કોમર્સ) ૯૦.૧૪%

અત્રે હાલે નડિયાદ કચ્છ માં ઘડુલી શ્રી લક્ષ્મી ટીમ્બર માર્ટ વાળા પિતા જગદીશભાઇ પ્રેમજીભાઈ સેંઘાણી અને માતા નિતાબેન સેંઘાણી ની પુત્રી તથા ગૌરવવંતા દાદા પ્રેમજીભાઈ લાલજીભાઈ સેંઘાણી અને દાદી ઝવેરબેન ની પૌત્રી કુ. માહિ માર્ચ ૨૦૨૨ માં લેવાયેલ ૧૨ કોમર્સ ની પરીક્ષામાં ૯૦.૧૪% અને ૯૯.૨૬% પર્સંટાઇલ સાથે ઉત્તીર્ણ થયેલ છે દીકરી ને સમાજ તથા પરિવાર નું નામ ઉજ્વળ કરવા બદલ ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

સાવધાન ઓનલાઈન પ્રવાસની બુકિંગ કરતા શ્રીસમાજના સભ્યો

કોરોના કાલ બાદ પ્રવાસો આપણા ભાઈઓ માં ખૂબ જ વધી રહ્યા છે પોતાના આનંદ ને માણવા માટે લોકો ઓનલાઈન ના માધ્યમ થી પોતાની બુકિંગ કરાવે છે હાલમાં આપણા રાયપુર સનાતન સમાજ ના સભ્ય સાથે બનેલી ઘટના મુજબ શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજી) રાજ નિવાસ માર્ગ દિલ્હી ના અતિથિ ભવન માટે ઓનલાઇન બુકિંગ નીતપાસ કરી હતી જેના અંતર્ગત તેઓને એક વેબસાઈટ જોવા મળી

(જે ખોટી હતી) જેના આધારે પોતાની રૂમની બુકિંગ પ્રક્રિયા આગળ વધારતા તેઓએ ફોન ઉપર જણાવ્યું કે તમો એક ફોર્મ આ સાઈડ ઉપર નાની રકમ સાથે ભરી આપો ત્યારબાદ થોડા સમય ઉપર તેઓ નેશ્રી દિલ્હી ગુજરાતી સમાજ રાજ નિવાસ ના દરેક પ્રકાર ના ફોટા પણ મોકલેલ હતા રાયપુર ના ભાઈશ્રી આ વિશ્વાસ આવતા ૧૦૦/- રૂપિયાની રકમ ભરી ત્યારબાદ તેઓને એક ઓ. ટી.પી. મોકલવામાં આવ્યો જેના આધારે તેઓના ખાતાથી રકમ નીકળી ગઈ.

આ અહેવાલ મુકવાનો માત્ર એક જ કારણ છે કે આપણી સમાજના કોઈપણ ભાઈ આવા ફ્રોડ સાઈડો ની બુકિંગમાં છેતરાઈ ના જાય તેની તકેદારી માટે જ છેશ્રી દિલ્હી ગુજરાતી સમાજ ની ઓરીજનલ વેબસાઈટ ઉપર પણ ખાસ નોંધ લખેલ છે કે આવી રીતે શ્રી સમાજ કોઈપણ બુકિંગ લેતી નથી દરેકે દરેક બુકિંગ શ્રી સમાજ પહોંચી ને થાય છે,

આ બાબતની જાણકારી શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજી) રાજ નિવાસ માર્ગ દિલ્હી ના મુખ્ય હોદ્દેદારો ને પણ જાણ કરવામાં આવી છે અને તેઓનો પણ જણાવવાનું છે કે આવી રીતની થોડો બે-ચાર અગાઉ પણ શ્રીસમાજ ના નામ ઉપરથી ફ્રોડ થયેલ છે.

-સંયોજક કિશોર ચોપડા.

આતંકવાદ વિરુધ્ધ ઝીરો ટોલરન્સ

નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રિડ પરિસરનો પ્રારંભ

26 નવેમ્બરનો હૂમલો કોણ ભૂલી શકે. કહેવાય છે કે આ હૂમલાની રેકી કરવા માટે આતંકવાદી ડેવિડ હેડલી 2006થી 2009 દરમિયાન અનેક વાર ભારત આવ્યો હતો. પણ તેની અવરજવરની કોઈ પણ માહિતીનું એનાલિસિસ થઈ શકયું નહોતું, કારણ કે એ વખતે ભારતમાં બિગ ડેટા અથવા એનાલિટિક્સનો એવો કોઈ ડેટા બેઝ નહોતો, જે તેનું મોનિટરીંગ કરે. સલામતીમાં આ મોટી ભૂલને સુધારવા માટે 2010માં નેશનલ ઈન્ટેલિજન્સ ગ્રિડ (નેટ ગ્રિડ) બનાવવાની પરિકલ્પના તો કરવામાં આવી, પણ ગોકળગાયની ગતિએ કામ કરવાને કારણે આ કામ આગળ જ ન વધ્યું. 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું સુકાન સંભાળ્યું તે પછી જ કામમાં ઝડપ આવી. દિલ્હી સ્થિત નેશનલ ઈન્ટેલિજન્સ ગ્રિડનું હેડક્વાર્ટરનું કામ લગભગ પૂરું થઈ ચૂકયું છે તો બેંગલુરુ સ્થિત તેનાં પરિસરનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે 3મેનાં રોજ કર્યું. ગૃહમંત્રીએ જણાવ્યું કે, આંકડા, વ્યાપ અને જટિલતાનાં સંદર્ભમાં ભૂતકાળનાં સલામતી પડકારોની સરખામણીમાં આજે સલામતીની જરૂરિયાતો ઘણી બદલાઈ ગઈ છે. નેટગ્રિડ એ એક નેશનલ ડેટા બેઝ છે, જેમાં આતંકવાદીઓને ફન્ડીંગ, નકલી ચલણ, નશીલા પદાર્થો, બૉંબ વિસ્ફોટની ધમકીઓ, ગેરકાયદેસર શસ્ત્રોની દાણચોરી અને અન્ય આતંકવાદી પ્રવૃત્તિઓનું મોનિટરિંગ કરી શકાય. આ ડેટાબેઝની મદદથી ગુપ્ત અને કાયદાકીય એજન્સીઓને હવે મહત્વપૂર્ણ ડેટા સંલગ્ન મુશ્કેલીઓનો સામનો કરવામાં મદદ મળશે. આ ઉપરાંત, ડેટા એનાલિટિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીની મદદથી કામ કરવાની વર્તમાન પધ્ધતિમાં પણ મોટું પરિવર્તન આવશે. 11 કેન્દ્રીય એજન્સીઓની મદદથી તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની પોલિસને નેટગ્રિડની સેવાઓ પૂરી પાડવામાં આવશે.

છેવાડાના માણસને પણ હવે સામાજિક સલામતી યોજનાનો લાભ મળી રહ્યો છે

કેન્દ્ર સરકારની કોઈ પણ યોજના ત્યારે જ સંપૂર્ણ રીતે સફળ કહેવાય જ્યારે સમાજના છેવાડાના માણસ સુધી તેનો લાભ પહોંચે. આ જ વિચાર સાથે શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના (PMSBY), અને અટલ પેન્શન યોજના (APY)એ સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂરાં કર્યા છે. દરેક વ્યક્તિ સુધી આર્થિક સુરક્ષાનો લાભ પહોંચાડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મે, 2015માં તેની શરૂઆત કરી હતી. વર્ષે માત્ર 330 રૂપિયાનાં પ્રીમિયમની ચૂકવણી પર બે લાખ રૂપિયાનાં જીવન વીમાનું કવચ આપનાર PMJJBY હેઠળ પ્રારંભથી અત્યાર સુધી 12.76 કરોડ લોકોએ જીવન વીમા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને 5,76,121 વ્યક્તિઓનાં પરિવારોને યોજના અંતર્ગત કુલ 11,522 કરોડ રૂપિયાનાં ક્લેમ સેટલ કરવામાં આવ્યા છે. આ યોજના મહામારી દરમિયાન ઓછી આવક ધરાવતા પરિવારો માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ છે, કારણ કે વર્ષ 2021માં સેટલ કરવામાં આવેલા કુલ દાવામાંથી લગભગ 50 ટકા કોવિડ-19થી થયેલા મૃત્યુ સંબધિત હતા. વર્ષે માત્ર 12 રૂપિયાના પ્રીમિયમમાં બે લાખ રૂપિયાનો અકસ્માત વીમો આપનારી પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના અંતર્ગત અત્યાર સુધી 28.37 કરોડ લોકોએ અકસ્માત કવરેજ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. 97,227 ક્લેમ માટે 1930 કરોડ રૂપિયાનાં દાવા મંજૂર કરવામાં આવ્યા છે, તો ઘડપણમાં આર્થિક સહાય આપનારી અટલ પેન્શન યોજનામાં અત્યાર સુધી ચાર કરોડથી વધુ સભ્યો નોંધાઈ ચૂક્યા છે.

Atal Pension Yojana

સંકલન : જસવંત સુરાણી

હાર્દિક અભિનંદન

પ્રાથના (પૃથા) બેન જગદીશભાઈ પોકાર ૧૨ (કોમર્સ) ૮૩.૮૩ %

આઇડિયલ જુનિયર કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કનકવલી , પ્રથમ નંબર

અત્રે હાલ કનકવલી (સિધ્ધુદુર્ગ- મહારાષ્ટ્ર) કચ્છ માં પલીવાડ શ્રી જલારામ સો મીલ વાળા પિતા જગદીશભાઇ સામજીભાઈ પોકાર અને માતા રેખાબેન પોકાર ની પુત્રી તથા દાદા સામજીભાઈ મનજીભાઈ પોકાર અને દાદી કાંતાબેન ની પૌત્રી કુ . પ્રાથના (પૃથા) બેન માર્ચ ૨૦૨૨ માં લેવાયેલ ૧૨ કોમર્સ ની પરીક્ષામાં ૮૩.૮૩ % સાથે ઉત્તીર્ણ થયેલ છે સાથે આદર્શ જુનિયર કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, કનકવલી માં પ્રથમ નંબર મેળવવા બદલ દીકરી ને સમાજ તથા પરિવાર નું નામ ઉજ્વળ કરવા બદલ ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

હાર્દિક અભિનંદન

તેજસ દિપકભાઈ ભાવાણી
HSC ૧૨ સાયન્સ ૮૩.૧૭ %

હાલે શિરડી, કચ્છમાં ગામ રસલીયા, પટેલ સાઁ મિલ શિરડી, જી. નગર માતા-પિતા પુષ્પાબેન દિપકભાઈ ભાવાણી, અને દાદા-દાદી કાન્તાબેન પ્રવિણભાઈ ડાહ્યાભાઈ ભાવાણી ના પૌત્ર તેજસભાઈ એ ધોરણ ૧૨ ની પરિક્ષામાં સંજીવની કોમર્સ કોલેજ, કોપરગામ માં ૮૩.૧૭ % મેળવી ભાવાણી પરિવાર અને શિરડી-રાહુરી-રાહતા સમાજ નું ગૌરવ વધાર્યું છે. તેજસ કુમાર ને ખૂબ ખૂબ અભિનંદન સાથે ઉજ્જ્વળ ભવિષ્ય માટે સનાતન ધર્મ પત્રિકા વતી થી હાર્દિક શુભકામનાઓ.

અવસાન નોંધ

તા.10/6/2022
સ્વ.પરસોતમભાઈ છગનભાઈ રામજીયાણી
ઉમર વર્ષ : 52
કચ્છ માં ગામ જનકપુર
હાલે ઘાટકોપર (મુંબઈ)

તા. 10/6/2022
સ્વ.લખમશીભાઈ રામજીભાઈ સાંખલા
ઉમર વર્ષ : 85
કચ્છ માં ગામ ઉગેડી
હાલે બેલ્લારી (કર્ણાટક)

તા. 11/6/2022
સ્વ.ઘનશ્યામભાઈ લાલજીભાઈ તેજાણી(દિવાણી)
ઉમર વર્ષ : 60
કચ્છ માં ગામ વિરાણી મોટી
હાલે કાંદિવલી

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205